તંત્રીશ્રીની કલમે

પક્ષ-વિપક્ષનું મનોબળ પણ સરાહનીય બન્યું

દેશ પર જ્યારે બહારના શત્રુ તત્ત્વોની આફત ઉતરે છે ત્યારે દેશના નાગરિકોએ સંપ કરીને, એક જુથમાં, એક જ સુરમાં જે તે તત્ત્વોના નાશ માટે બહાર આવવું જોઈએ. જે પ્રકારની આશા નાગરિકો પાસે રખાઈ હતી તે ફળીભૂત થઈ છે, કેમ કે દેશના નાગરિકોએ એક જુથમાં એકત્ર થઈને આતંકવાદીઓના પહેલગામ હુમલાનો વિરોધ કર્યો હતો અને ત્યાર પછીના યુધ્ધગ્રસ્ત ઘટના માટે પણ તેઓએ પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપવા માટે ભારત દેશના નેતાઓને પ્રોત્સાહિત કર્યા હતા, કહ્યું હતું કે, એક પણ આતંકવાદી બચવો જોઈએ નહીં અને તેને ધુંટણિયે પાડવું જોઈએ. પાકિસ્તાન ઘણા વર્ષોથી આતંકવાદને આગળ રાખીને ત્રાસ આપતું આવ્યું હતું. ઘણા પ્રકારે તેની અવળચંડાઈ આપણે ધીરજપૂર્વક સહન કરતા આવ્યા છીએ. પાકિસ્તાન ત્રાસવાદીઓની ફેકટરી ચલાવે છે, સીમાપારથી ઘૂસણ ખોરી કરાવે છે, જમ્મુ-કાશ્મીરના મુદ્દે પારાવાર જુઠ્ઠાણા ચલાવે છે. વૈશ્વિક સમુદાય સમક્ષ ત્રાસવાદી રાષ્ટ્ર તરીકે વગોવાઈ ગયેલું પાકિસ્તાન કોઈપણ પ્રકારના સમજદારીના દાયરામાં આવતું નહતું. બેવટા મુખવટા પરાવનાર પાકિસ્તાન ત્રાસવાદીઓને નાણા, હથિયાર, ખોરાક, તાલીમ, આશરો આપીને બથેકર ભોરિંગોનું પોષણ કરતું હતું. તેની સામે છેવટે ભારતે પોતાના આયુધો ઉઠાવવા પડ્યા છે તેવા આફતના ટાણે ભારતીય નાગરિકો એક બનીને સામે આવ્યા છે. ગમે તે કોમ કે ધર્મની નાગરિક હોય તે દેશ માટે જાગીને, ઊઠીને પોતાનો અવાજ બુલંદ બનાવી રહ્યો છે. દેશના નાગરિકોનો આ સંપ જોઈને પડોશી દેશો પણ અવાચક બની ગયા છે. આ સમય માત્રે રહેવાનો છે, પરસ્પરને હૂંફ આપવાનો અને એક સુરમાં, એક અવાજમાં શત્રુને જવાબ આપવાનો છે. ભારતે વિશ્વને બનાવી દીધું છે કે તે કયે પીછેહઠ કરનાર દેશ નથી, તેની શક્તિને કોઈપણ રીતે ઓછી આંકવાની ભુલ કરવી નહીં. પાકિસ્તાનની પડખે રહીને, મિત્રનો દાવો કરનાર ચીન પણ હવે બાજુએ ખસીને ત્રાસવાદનો વિરોધ કરી રહ્યું છે, તેણે કહ્યું છે કે, અમે કોઈ પણ પ્રકારના આતંકવાદનો વિરોધ કરીએ છીએ. અમેરિકાએ સ્પષ્ટ શબ્દોમાં પાકિસ્તાનને ચેતવણી આપી છે કે, તે જવાબી કાર્યવાહીથી દૂર રહે એમાં જ તેનું હિત છે, ઇઝરાયેલે કહ્યું કે ભારતનો હક બને છે કે તે તેની સુરક્ષા માટે પ્રતિકાર કરી શકે છે. અમે આતંકવાદની સામેની કાર્યવાહીમાં ભારતની પડખે છીએ અને આતંકી દેશના આતંકી પ્રવૃત્તિને વખોડી નાખીએ છીએ. ભારતે અગાઉ પાકિસ્તાનને કારગીલમાં જડબાતોડ જવાબ આપ્યો હતો, ઉરી અને પુલવામા ઘટનાક્રમમાં પણ તેને ભારતની થપાટ વાગેલી ચૂકી છે, પરંતુ તે સુધરવાનું નામ લેતું નથી, પાકિસ્તાન આજના સમયે દેવાદાર બન્યું છે, મોટાભાગના દેશો પાસેથી એણે નાણાં લીધા છે, આ નાણાં એણે ત્રાસવાદને પોષિત કરવામાં વાપર્યા હતા. હવે તેને કોઈ નાણાં ધીરતું નથી. તેની સ્થિતિ હવે તો વધારે કફોડી બનવાની છે. ચારેતરફથી તેની પ્રવૃત્તિને વખોડી કાઢવામાં આવી છે ત્યારે તુર્કિયેને બાદ કરતા તેની સાથે કોઈ નથી, એવા સંજોગોમાં તે બધાથી અલગ પડી ગયું છે. તે પરિસ્થિતિમાં એણે લુખે લુખો વટ દાખવવા યુધ્ધમાં ઝંપલાવ્યું છે પણ તેની કમર તૂટવાની છે તે ચોક્કસ છે. પાકિસ્તાન ખોટું કરતું આવ્યું છે, કરે છે અને કરશે જ, એવી ખાતરી હોવાથી ભારતે તેની સામે હથિયાર ઊઠાવ્યું છે. પાકિસ્તાન માફી માગતું નથી, ત્રાસવાદને પોષિત કરવાની પ્રવૃત્તિ બંધ કરવાની ખાતરી આપતું નથી અને યુધ્ધ જવરમાં ચડ્યું છે, ટૂંકમાં તેને માટે એક જ વાત કહેવી પડે છે 'પાકિસ્તાન લાજવાના બદલસે ગાજવા બેઠું છે' પણ તેણે જરૂર ધરાશાયી થવું પડશે. તે દેવાદાર હતું અને વધુ દેવાદાર બનશે એમાં લેશમાત્ર શંકા નથી. પહલગામ હુમલામાં પાકિસ્તાન પ્રેરિત ત્રાસવાદીઓએ નિર્દોષ ભારતીય પ્રવાસીઓની ધર્મ પૂછીને ઘાતકીપૂર્ણ હત્યા કર્યા પછી, તેમને ફીલ્ડઓફિટર કરીને બેશરમીની હદ ક્રોસ કરી નાખી છે. આતંકવાદના ૯ અડ્ડાઓ પ્રથમ પ્રહારમાં સાફ કરી નાખ્યું છે. લાહોર અને તેના કેટલાક વિસ્તારો પર પ્રહારો કર્યા છે. એ હકીકત જોતા અહીં ભારત દેશની તસવીર બદલાઈ છે, ભારતના નાગરિકો એક બન્યા છે તે વિશે અહીં વાત કરીશું. પાકિસ્તાને ભારત પર હુમલાના પ્રયાસો કર્યા છે પણ તે કાર્યું નથી. તમામ વૈચારિક મતભેદો છતાં જ્યારે વાત દેશહિતની આવે છે તે પક્ષ-પ્રતિપક્ષ એક નજરે પડે છે. આજે ભારતના લોકતંત્રની સાચી તસવીર. તેની 'ખૂબ સુરતી ગુરૂવારે કેન્દ્ર સરકારની તરફથી 'ઓપરેશન સિંદૂર'ની જાણકારી આપવા માટે બોલાવાયેલ સર્વપક્ષીય બેઠકમાં નજરે પડી. બેઠકમાં તમામ વિપક્ષી દળોએ પક્ષીય વિચારધારથી ઉપર ઉઠીને પહલગામના ગુનેગારોને સજા આપવા માટે કરાયેલ સરકાર તથા સેનાની કાર્યવાહીનું ખુલ્લામનથી સમર્થન કર્યું હતું. ના કેવળ સમર્થન કર્યું પરંતુ પ્રતિપક્ષીય નેતાઓએ સરકારને એ પણ વિશ્વાસ આપ્યો કે, સંકટની આ ઘડીમાં તેઓ સેના તથા સરકારના કેસલાની સાથે છીએ. બેબાકળા બનેલા પાકિસ્તાનની જવાબી કાર્યવાહીની દરેક ધમકીઓ અને નિયંત્રણ રેખા (એલઓસી) પર વધતા તણાવની વચ્ચે રક્ષામંત્રી રાજનાથસિંહે આ બેઠકમાં આમંત્રિત નેતાઓને આ 'ઓપરેશન સિંદૂર' તથા એ પછીની સુરક્ષાત્મક તૈયારીઓની જાણકારી બેઠકમાં હાજર પ્રમુખ રાજનીતિક પક્ષોના પ્રતિનિધિઓને આપી હતી. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લીકાર્જુન ખગેરેએ બેઠક પછી કહ્યું કે, સંકટની આ ઘડીમાં અમે બધા સરકારની સાથે છીએ અને દેશ હિતમાં સરકારની સાથે રહીશું. કમોવેશ આવો જ મત બીજા વિપક્ષોએ તથા તેના નેતાઓએ પ્રગટ કર્યો હતો. પુલવામાં હુમલા પછી બાલોકોટ એર સ્ટ્રાઇક પર કોંગ્રેસ સમેત કેટલાયે વિપક્ષી નેતાઓએ સવાલ ઊભા કર્યા હતા. આ વેળા સંતોષની વાત એ છે કે, આવા સવાલ સામે આવ્યા નથી.

નડિયાદની મનપા કચેરીના રેકર્ડ રૂમમાં મહત્વના દસ્તાવેજો પલળ્યાં

નડિયાદ,

નડિયાદ મનપાની કચેરીના ધાબા પર સમારકામ ચાલી રહ્યું છે. બે દિવસથી વરસાદ પડી રહ્યો છે.સમારકામની કામગીરી વચ્ચે મનપાના તમામ વિભાગોમાં પાણી ઉતર્યું હતું અને રેકર્ડ રૂમમાં પાણી ઉતરતા દસ્તાવેજો પલળી જતા નુકસાન થયું હતું. આ મામલે વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓની બેદરકારી સામે આવી છે. નડિયાદ મનપાની બિલ્ડિંગના ધાબા પર ફ્લોર તોડવાની કામગીરી ચાલી રહી છે. છેલ્લા બે દિવસથી વરસાદ પણ પડી રહ્યો છે. આજે વહેલી સવારે નડિયાદ સહિત જિલ્લામાં વરસાદ પડ્યો હતો અને ફ્લોર તોડેલો હોવાથી મનપા કચેરીમાં પાણી ઉતર્યું છે. ચાર મહિનાના મપના મહત્વના દસ્તાવેજો રેકર્ડ વિભાગમાં મૂકેલા હતા અને ત્યાં પાણી ઉતર્યું છે.

આ વિભાગના મોટાભાગના કાગળો પલળી ગયા છે. આ દસ્તાવેજોને છૂપાવવા માટે ઉચ્ચ અધિકારીઓથી માંડી કર્મચારીઓ દ્વારા રેકર્ડ રૂમમાં પ્રવેશબંધી ફરમાવી દીધી છે.

મનપાના કમિશનરથી માંડી ડેપ્યુટી કમિશનર સહિત ઉચ્ચ અધિકારીઓ પોતાની ચેમ્બરમાં જતા પાણી જોવા મળ્યું હતું. એટલું જ નહીં પાણી નિકાલ થયા બાદ અધિકારીઓ ચેમ્બરમાં આવ્યા હતા. મનપામાં હવે ઉચ્ચાધિકારીઓના હાથમાં બાગડોર છે. આ વરસાદની આગાહી સમાહ પહેલાથી જ હતી, તેવા સમયે મનપા દ્વારા રેકર્ડ સહિત વરસાદના કારણે કચેરીમાં નુકસાન ન થાય તે માટે આયોજન કરવાની જરૂર હતી. પરંતુ આગાહી હોવા છતાં રેકર્ડ સુરક્ષિત ન કરાતા ભારે નુકસાન થયુ છે.

૨૧ વર્ષની અદિતિએ SSIP 2.0 યોજના હેઠળ સહાય લઈને શરૂ કરેલો વ્યવસાય દેશભરમાં ફેલાયો છે.

૪ વર્ષની બાળકી સાથે પટાવાળાએ કર્યા શારીરિક અડપલાં

વડોદરા

ગુજરાતમાં શાળામાં અભ્યાસ કરતી બાળકીઓની સુરક્ષાને લઈને ચિંતા ઊભી થાય તેવો બનાવ સામે આવ્યો છે. વડોદરામાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જ્યાં શાળામાં પટાવાળા દ્વારા ૪ વર્ષની બાળકી સાથે શારીરિક અડપલા કરવામાં આવ્યા હતાં. જોકે, બાદમાં બાળકીને ગુમાંગમાં પીડા થતાં તેણે પોતાની માતાને સમગ્ર ઘટના વિશે જાણ કરતાં માતાએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. હાલ પોલીસે આરોપીને ઝડપી આ અંગે વધુ તપાસ હાથ ધરી છે. વડોદરાના ખોડિયાર નગરની એક શાળામાં ૪ વર્ષની બાળકી સાથે પટાવાળાએ શારીરિક અડપલા કર્યા હોવાની બાળકી સાથે પટાવાળાએ શારીરિક અડપલા કર્યા હોવાની ફરિયાદ નોંધાતી હતી. હાલ પોલીસે આરોપીને ઝડપી આ અંગે વધુ તપાસ હાથ ધરી છે. સોમવારે (૫ મે) ધર્મેશ પરમાર નામના પટાવાળાએ શાળામાં અભ્યાસ કરતી ૪ વર્ષની બાળકીને ખોળામાં લઈ તેની સાથે શારીરિક અડપલા કર્યા હતાં. જોકે, સાંજે તેની માતા તને લેવા આવી ત્યારે બાળકીએ માતાને જણાવ્યું કે, મને ગુમાંગમાં દુઃખે છે. બાદમાં બાળકીએ નરાધમ પટાવાળા દરમિયાન શાળામાં તેની સાથે આચરેલા કૃત્ય વિશે જણાવ્યું હતું.

સમગ્ર ઘટના જાણ્યા બાદ બાળકીની માતા તુરંત શાળાએ પહોંચી અને પ્રિન્સિપાલ સાથે આ અંગે વાત કરી. પ્રિન્સિપાલે બાળકીની માતાની મદદ કરી અને શાળાના તમામ સીસીટીવી ફૂટેજ ચેક કર્યા. બાદમાં બાળકીના પિતા અને બહેન પણ શાળાએ પહોંચ્યા અને પોલીસનો સંપર્ક કર્યો. સમગ્ર ઘટનાની જાણ થતાં પોલીસ પણ તાત્કાલિક ધોરણે શાળાએ પહોંચી અને આરોપીને ઝડપી પાડ્યો હતો. હાલ, પોલીસે આરોપીને પકડી આરોપીની પૂછપરછ શરૂ કરી આ અંગે વધુ તપાસ હાથ ધરી છે. વિકૃત માનસિકતા ધરાવતા આ પટાવાળાએ શાળાની અન્ય વિદ્યાર્થિનીઓ સાથે પણ આવું વર્તન કર્યું છે કે કેમ તે અંગે પણ પોલીસ તપાસ કરી રહી છે.

એવામાં પ્રશ્ન થઈ રહ્યો છે કે, મહિલાઓ અને બાળકીઓ માટે સુરક્ષિત કહેવાતા ગુજરાતમાં શું બાળકીઓ હવે શાળામાં પણ સુરક્ષિત નથી? ગુજરાતમાંથી અવાર-નવાર એવા કિસ્સા સામે આવે છે,

જેમાં શાળામાં જ બાળકીઓ સાથે શારીરિક અડપલાં કે દુષ્કર્મ આચરવામાં આવે છે. એવામાં ગુજરાત સરકારે શાળામાં બાળકીઓની સુરક્ષાને લઈને હજુ સુધી કોઈ નક્કર પગલાં લીધા નથી. તેથી, અનેક વાલીઓમાં હવે વિદ્યાર્થિનીઓને શાળાએ મોકલતા પણ ફફડાટ થઈ રહ્યો છે.

અવનીત કૌરના ૨૦ લાખ ફોલોવર્સ વધ્યા, નેટ વર્થમાં પણ વધારો

મુંબઈ,

વિરાટ કોહલી જ્યારે કોઈ રેસ્ટોરન્ટ કે જગ્યાનું નામ લે છે ત્યારે લોકોની ભીડ જામે છે. આવી સ્થિતિમાં જ્યારે વિરાટ કોહલીના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટથી અવનીત કૌરની તસવીર પર લાઈક્સ બતાવવામાં આવી તો સોશિયલ મીડિયા પર હંગામો મચી ગયો હતો. દરેક જગ્યાએ અવનીત કૌરની જ ચર્ચા થતી હતી. લોકો મોટી સંખ્યામાં અવનીત કૌરને ફોલો કરવાનું શરૂ કરી દીધું હતું. અહેવાલો અનુસાર તેના રાતોરાત ૨૦ લાખ નવા ફોલોવર્સ વધી ગયા હતા.વિરાટ કોહલી માત્ર મેદાનમાં પોતાના ચોગ્ગા-છગ્ગા માટે જ નહીં પરંતુ અનુષ્કા શર્મા માટે તેના પ્રેમ અને કેર માટે પણ જાણીતો છે. આવી સ્થિતિમાં આ લાઈક્સને તેની ઈમેજની વિરુદ્ધ માનવામાં આવતી હતી અને લોકોએ તેને સોશિયલ મીડિયા પર ટ્રોલ કરવાનું શરૂ કરી દીધું હતું.દરેક મીમ પેજ પર તેનો ઉલ્લેખ થવા લાગ્યો હતો. મામલો એટલો વધી ગયો કે ખુદ વિરાટ કોહલીએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરી મુકીને સ્પષ્ટતા કરવી પડી હતી. પરંતુ આ સમગ્ર ઘટનાનો સૌથી મોટો લાભ અવનીત કૌરને થયો હતો. તેના યુઝર્સ ઝડપથી વધ્યા અને ઘણા નવા બ્રાન્ડ ડીલ્સ તેના હાથમાં આવી છે.રિપોર્ટ પ્રમાણે અવનીત કૌર જે એક પોસ્ટ માટે ૨ લાખ રૂપિયા લેતી હતી,

તેણે હવે તેની ફી વધારીને ૨.૬ લાખ રૂપિયા કરી દીધી છે. આ ઉપરાંત તેને ઘણી બ્યૂટી અને ફિટનેસ બ્રાન્ડની ઓફર પણ મળી ચૂકી છે. અવનીત કૌરની નેટવર્થ હવે ૫ કરોડને પાર કરી ગઈ છે.હવે તેની દરેક પોસ્ટ પર વિરાટ કોહલીનો ઉલ્લેખ જોવા મળે છે. કોઈ લખી રહ્યું છે કે, "વિરાટ કોહલીની સ્ટોરી પછી અહીં કોણ-કોણ આવ્યું? તેના કોમેન્ટ બોક્સમાં વિરાટ કોહલીની જીઆઈએફ પણ જોઈ શકાય છે.આ લાઈકની ચર્ચા એટલી વધી ગઈ કે વિરાટ કોહલીએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં સ્પષ્ટતા આપી હતી. તેણે લખ્યું હતું કે ફીડને ક્લિયર કરતી વખતે ઈન્સ્ટાગ્રામ એલ્ગોરિધમે ભૂલથી કોઈ ઈન્ટરેક્શન રજિસ્ટર કરી લીધું.

હું દરેકને અપીલ કરું છું કે બિનજરૂરી ધારણાઓ ન કરો.જો કે આ ખુલાસો કરવા છતાં સોશિયલ મીડિયા પર તેને ટ્રોલ કરવામાં આવી રહ્યો છે. ઘણા યુઝર્સ કહે છે કે એલ્ગોરિધમ એવી રીતે કામ નથી કરતું કે કોઈ પોસ્ટને આપોઆપ લાઈક થઈ જાય.

કમોસમી વરસાદથી મેંદરડા પંથકમાં ખેડૂતોના પાકને નુકસાન

જુનાગઢ

જુનાગઢ જિલ્લામાં છેલ્લા ૨ દિવસથી વરસાદને કારણે મેંદરડા પંથકમાં ખેડૂતોને વારંવાર નુકસાની થઈ છે અને કેરી, તલ, અડદ, મગના પાકને વ્યાપક નુકસાની થઈ છે.

જુનાગઢ જિલ્લામાં છેલ્લા ૨ દિવસથી વરસાદ પડી રહ્યો છે અને જેને લઈને ગીર વિસ્તાર પંરાવતા મેંદરડા તાલુકામાં ખેડૂતોને પારાવાર નુકસાની થઈ છે. છેલ્લા બે દિવસથી વાતાવરણમાં આવેલા પલટાને કારણે કેરીના પાકને નુકસાની થઈ છે અને આંબા પરથી કેરીઓ ખરી પડી છે. બાકી રહેલો પાક પણ નિષ્ફળ જાય તેવી શક્યતા

તેમજ વરસાદ પડતાની સાથે જ કેરીઓ હવે ખાવા લાયક છે કે કેમ તે પણ એક સવાલ છે. એક તો આ વર્ષે કેરીમાં ખરણ થતા ૩૦% જેટલું જ ઉત્પાદન થવાની આશા હતી, પરંતુ કમોસમી વરસાદ પડતાની સાથે જ બાકી રહેલો પાક પણ નિષ્ફળ જાય તેવી શક્યતા ખેડૂતો સેવી રહ્યા છે. ખેડૂતોને પાક વાવણીના પણ પૈસા નીકળે તેવી સ્થિતિ રહી નથી. ગુજરાતભરમાં આવેલા કમોસમી વરસાદને પગલે ખેડૂતોને મોટું નુકસાન પહોંચ્યું છે.

ઘારી ગીર પંથકમાં મોટાભાગના જે ગામો ખેતી અને પશુપાલન આધારિત છે, ખેતીના વિવિધ પાકોનું ઉત્પાદન મેળવીને આ ખેડૂતો પોતાનું ગુજરાત ચલાવે છે. જુવાર, બાજરો, તલ, ચોળી તેમજ બાગાયતી પાકો કેરી, ચીકુ, દાડમ, લીંબુ સહિતના વિવિધ પાકોની ખેડૂત દ્વારા ખેતી થાય છે પણ છેલ્લા બે દિવસથી કમોસમી વરસાદ પડવાને લઈને હવે ખેડૂતોના તૈયાર થયેલા પાકમાં નુકસાની થઈ હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. હાલ બાગાયતી પાકમાં જે ફળોના રાજા તરીકે ઓળખાય છે તે કેરી પાકવાની તૈયારીમાં છે ને કેરીઓ ઉતારવાના સમયે જ કમોસમી વરસાદ કોપાયમાન બનીને વરસાદ ત્રાટકતા કેરીના પાકને તહસનહસ કરી નાખ્યો હતો. કમોસમી વરસાદના માવઠાને લઈને મોટાભાગના ખેડૂતોના બગીચામાં કેરી જમીન દોસ્ત થઈ છે. એક વૃક્ષથી લઈને ૧,૨૦૦ આંબા સુધીના બગીચા ધરાવનાર ખેડૂતો ઉપર અત્યારે ચિંતાના વાદળો જણાઈ રહ્યા છે. કમોસમી વરસાદના માવઠાને લઈને સાથે પવનનું પણ જોર વધુ હોવાથી કેરીઓ ખરી પડી હતી, ત્યારે બાગાયતી પાક કેરીમાં વ્યાપક નુકસાની હોય તેવું ખેડૂત જણાવી રહ્યા છે.

તળાજા પંથકની યુવતી પર સરપંચે બળજબરીથી બળાત્કાર ગુજાર્યો

ભાવનગર, તળાજા પંથકના એક ગામના સરપંચે તેમના ગામની યુવતીના ઘરમાં ઘુસી બળજબરીથી દુષ્કર્મ આચર્યાં અંગેની ફરિયાદ દાઠા પોલીસ મથકમાં નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.બનાવની મળતી વિગતો અનુસાર તળાજા પંથકના એક ગામના સરપંચ વલ્લભ વિરાભાઈ મકવાણાએ ગત મંગળવારના રોજ બપોરના ૧૨.૩૦ કલાકના અરસામાં તેમના ગામની ૧૯ વર્ષની યુવતી ઘરે એકલી હતી ત્યારે એકલતાનો લાભ લઈ યુવતીને 'જો રાડ પાડીશ તો તારૂ ગળું દબાવી તને પતાવી દેશ' તેવી ધમકી આપી બળજબરીથી દુષ્કર્મ આચર્યું હતું.જેઅંગેયુવતીએદાઠા પોલીસ મથકમાં વલ્લભ વિરાભાઈ મકવાણા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

ઈલોન મસ્કની સ્ટારલિંકને મળી સરકારની મંજૂરી

વોશિંગ્ટન,

ભારતમાં સેટેલાઈટ ઈન્ટરનેટ સર્વિસ શરૂ કરવા માટે ઈલોન મસ્કની સ્ટારલિંકને સરકારની મંજૂરી મળી ગઈ છે. એક રિપોર્ટ મુજબ સ્ટારલિંકને ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન દ્વારા લેટર ઓફ ઈન્ટેન્ટ આપી દેવામાં આવ્યો છે. જોકે આ લેટરમાં એ પણ જણાવવામાં આવ્યું છે કે હજી તેમને ફાઈનલ લાઈસન્સ આપવામાં નથી આવ્યું. એ પરવાનગી ત્યારે જ આપવામાં આવસે ત્યારે લાયસન્સ માટેની તમામ શરતો પૂરી કરવામાં આવશે.

એક સરકારી ઓફિસર દ્વારા મની કન્ટ્રોલને કહેવામાં આવ્યું હતું કે સ્ટારલિંકને ૬૯જી, ૭૩જી અને ૩જી લાયસન્સ માટે ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન દ્વારા લેટર ઓફ ઈન્ટેન્ટ આપી દેવામાં આવ્યું છે. ફાઈનલ લાયન્સ તમામ શરતો પૂરી છયા બાદ આપવામાં આવશે અને બહુ જલદી આપી દેવામાં આવે એવું બની શકે છે. વોશિંગટન પોસ્ટના એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે ભારત સરકાર દ્વારા ઈલોન મસ્કની સ્ટારલિંકની સર્વિસને પરવાનગી આપવાની પ્રોસેસને ઝડપી બનાવી દેવામાં આવી છે. આ પાછળનું કારણ અમેરિકા સાથેની ટ્રેડ વોરમાં વાતચીત કરવામાં ભારતને વધુ મદદ મળી શકે એમ છે.

સ્ટારલિંકની સર્વિસને ભારતમાં શરૂ કરવા માટે અરબો ડોલરનો ખર્ચ થઈ શકે છે. ભારતમાં કંઝ્યૂમર બ્રોડબેન્ડ માર્કેટને એક ટક્કા કવર કરવાથી સ્પેસએક્સને દર વર્ષે એક બિલિયન ડોલરની કમાણી કરી શકે છે. સ્ટારલિંકને લેટર મળી ગયો હોવાથી એ બહુ જલદી ભારતમાં સર્વિસ શરૂ કરશે. સ્ટારલિંક સેટેલાઈટ સર્વિસ એક રીતે જોવા જઈએ તો વનવેબની સર્વિસ છે એ જ મૂજબ સર્વિસ આપશે. વનવેબ દ્વારા ભારતમાં પહેલેથી જ સેટેલાઈટ સર્વિસ આપવામાં આવી રહી છે અને એરટેલ કંપનીમાં એની ખૂબ જ મોટી ભાગીદારી પણ છે.

સ્પેસએક્સની સ્ટારલિંક સાથે જિયો અને એરટેલ બન્નેએ પાર્ટનરશિપ કરી છે. તેઓ સ્ટારલિંક સાથે મળીને પોતાની સર્વિસ લઈને આવશે. ૨૦૨૫ની શરૂઆતમાં આ પાર્ટનરશિપ વિશે જાહેરાત કરવામાં આવી હતી. જોકે હજી સુધી સ્ટારલિંક દ્વારા આ વિશે કોઈ જાહેરાત કરવામાં નથી આવી.

હું કોઈની માંનો રોલ નહી કરું : મુમતાઝ

મુમતાઝ ૬૦ અને ૭૦ ના દાયકામાં હિન્દી ફિલ્મ ઉદ્યોગની સૌથી પ્રખ્યાત અભિનેત્રીઓમાંની એક હતી. આનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે તેમણે એક વર્ષમાં ૧૦ થી વધુ ફિલ્મોમાં કામ કર્યું. પરંતુ ૭૦ ના દાયકાના અંત સુધીમાં, મુમતાઝ રૂપેરી પડદા પરથી સંપૂર્ણપણે ગાયબ થઈ ગઈ. તેણી છેલ્લે ૨૦૧૦ ના ડ્રેક્યુડ્રામા ૧ એ મિનિટમાં કેમિયોમાં જોવા મળી હતી. તાજેતરમાં જ તે ફરી એકવાર હેડલાઈન્સમાં આવી છે. તેમણે ફિલ્મોમાં પોતાના પુનરાગમન વિશે વાત કરી. તેણીએ એમ પણ કહ્યું કે તે વૃદ્ધ મહિલાની ભૂમિકા ભજવશે નહીં!ભોલિવુડમાં પોતાના પુનરાગમન વિશે વાત કરતી વખતે, મુમતાઝે વૃદ્ધ વ્યક્તિની ભૂમિકા ભજવવાનો સ્પષ્ટ ઇનકાર કરી દીધો. તેણીએ ઈન્ડિટ્રુ બોલિવુડને કહ્યું, 'હું હાલમાં ફિલ્મોમાં નથી... જુઓ, હું કોઈ વૃદ્ધ મહિલાની ભૂમિકા ભજવવાની નથી અને મને મારા દેખાવને અનુરૂપ કોઈ ભૂમિકા ઓફર કરવામાં આવી નથી.' જ્યારે તે થશે ત્યારે હું તેના વિશે વિચારીશ. મને મારા દેખાવ પ્રમાણે ભૂમિકાઓ જોઈએ છે, બસ.'આપ કી કસમ' ની અભિનેત્રીએ આગળ કહ્યું, 'મને જે પ્રકારની ઓફર જોઈતી હતી તે મળી નથી.' હું કોઈની માતાનો રોલ નહીં કરું. આટલું કહ્યા પછી, તે હસવા લાગી અને તેના ચાહકોને ફ્લાઈંગ કિસ પણ આપી.મુમતાઝ હવે ૭૭ વર્ષની છે. જ્યારે તે ૧૧ વર્ષની હતી, ત્યારે તેણે ફિલ્મ 'લાજવંતી' (૧૯૫૮) થી અભિનયની દુનિયામાં પ્રવેશ કર્યો. 'ફૌલાદ' (૧૯૬૩) અને 'ડાકુ મંગલ સિંહ' (૧૯૭૬) માં તેણીને 'સ્ટંટ ફિલ્મ હિરોઈન' તરીકે ટાઈપકાસ્ટ કરવામાં આવી હતી, જેના કારણે તેણીની કારકિર્દી અટકી ગઈ. જોકે, 'રામ ઔર શ્યામ', 'બ્રહ્મચારી' જેવી ફિલ્મોએ તેમને તેમના કરિયરમાં સફળતા અપાવી.ઘણી ફિલ્મો કર્યા પછી, તે ૧૩ વર્ષ સુધી ફિલ્મોથી દૂર રહી.

આશિષ પોલિપ્લાસ્ટ લિમિટેડ

સીઆઈએન: L17110GJ1994PLC021391
રજિસ્ટર્ડ ઓફિસ : ૫૦૧, શ્રેયસ્કુંજ બિઝનેસ હબ, સત્યમેવ એસ્ટેટીયમ પાસે, સાઉથ સિટી પાસે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
ઈમેઈલ: ashishpolyplast@gmail.com, વેબસાઈટ :www.ashishpolyplast.com

જાહેર સૂચના

અહીં(સિવીના નિયમન ૨૯(૧) (લિસ્ટિંગ ઓબ્લિગેશન એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ) રેગ્યુલેશન ૨૦૧૫ને અનુસરીને

નોંધ લો કે કંપનીના બોર્ડ ઓફ ડાયરેક્ટરની મીટીંગ તા.૨૧મી મે,૨૦૨૫ના રોજ સાંજે ૫.૩૦ વાગે કંપનીની રજીસ્ટર ઓફીસે નોંધે નો નોંધ લેવા અને ચકાસવા માટે કે

(૧)કંપનીના બીજા ત્રિમાસિક ૩૧મી માર્ચ,૨૦૨૫ના રોજ પુરા થતા ઓડીટેડ ક્વાર્ટરી નાણાંકીય પરિણામ અને (૨) ૩૧/૦૩/૨૦૨૫ના રોજ પુરા થયેલા વર્ષ માટે ઓડિટેડ વાર્ષિક અહેવાલ પર વિચારણા , સમીક્ષા, મંજૂરી ત્યાર બાદ સહી કરવા.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સના હુકમ વતી
આશિષ પોલિપ્લાસ્ટ લિમિટેડ વતી
એસડી / -
આશિષ ડી પંચાલ
મેનેજીંગ ડિરેક્ટર
ડીઆઈએન: ૦૦૫૯૮૨૦૯

તારીખ: ૧૨મી મે, ૨૦૨૫
સ્થળ: અમદાવાદ

SAR AUTO PRODUCTS LIMITED
Regd. Office :50-E BHAKTINAGAR INDS ESTATE,RAJKOT 360 001
CIN: L34100GJ1987PLC010088
Website: www.saroutoproductsltd.com

Extract of Unaudited Financial Result for the quarter ended on 31st March, 2025

[Rs. In Lakhs]

Sr. No.	Particulars	Quarter Ended			Year Ended	
		31-Mar-25 (Audited)	31-Dec-24 (Unaudited)	31-Mar-24 (Audited)	31-Mar-25 (Audited)	31-Mar-24 (Audited)
1	Total Income from Operations (net)	230.12	352.31	538.80	1,396.79	2,003.58
2	Net Profit/Loss for the period before Tax, Exceptional and Extra Ordinary Items	(3.64)	15.29	29.16	72.89	151.88
3	Net Profit/Loss for the period before Tax after Exceptional and Extra Ordinary Items	(3.64)	15.29	29.16	72.89	151.88
4	Net Profit/Loss for the period after tax (after Extraordinary Items)	(34.76)	15.29	(6.02)	41.77	116.70
5	Total comprehensive income for the period	(35.00)	15.74	(8.53)	42.33	114.18
6	Paid up Equity Share Capital	476.47	476.47	476.47	476.47	476.47
	(Face Value of Share Rs. 10 each)					
7	Reserves Excluding Revaluation Reserves	-	-	-	1,254.45	1,212.11
8	Earnings per Share (EPS) (for continuing operations)					
	(a) Basic (Not Annualized)	(0.73)	0.32	(0.13)	0.88	2.45
	(b) Diluted (Not Annualized)	(0.73)	0.32	(0.13)	0.88	2.45

Note :-
a) The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the websites of the Stock Exchange(s) and the listed entity.

b) The impact on net profit / loss, total comprehensive income or any other relevant financial item(s) due to change(s) in accounting policies shall be disclosed by means of a footnote.

c) # - Exceptional and/or Extraordinary items adjusted in the Statement of Profit and Loss in accordance with Ind-AS Rules / AS Rules, whichever is applicable.

Rajkot, May 12, 2025

For, SAR AUTO PRODUCTS LIMITED
S/D
SHREYAS R. VIRANI - WHOLE TIME DIRECTOR

SACHETA METALS LTD
CIN L51100GJ1990PLC013784
Regd. Office :Block No. 33Sacheta Udyog Nagar, Vill: Mahiyal, Tal: Talod, Dist: Sabarkantha,
EXTRACT OF AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND YEAR ENDED 31ST MARCH, 2025

(Rs. In Crores)

SR. NO.	PARTICULARS	QUARTER ENDED	QUARTER ENDED	QUARTER ENDED	CURRENT YEAR ENDED	PREVIOUS YEAR ENDED
		31.03.2025